


(તસવીર : કશ્યપ નિમાવત)

'ઊંટ કહે આ સભામાં, વાંકા અંગ વાળા ભૂંડા ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે.' આ કવિ દલપતરામની પંક્તિ અત્યારે એટલા માટે યાદ આવી કે, દરેક પશુ પક્ષીઓની ખોડ કાઢનાર ઊંટ ભાઈ પોતે જાણે એકવીસ લક્ષણા હોય તેમ વર્તે છે. ઊંચી ડોકે ઝાડ પાંદડા ખાતા આ ઊંટભાઈને આ તસવીર જોઈને કહેવાનું ચોક્કસ મન થાય કે કેમ ભાઈ, આજે આ ગંદકીના પોટલામાં મોં નાંખીને પેટ પૂજા કરી રહ્યા છો...!!! શું સ્વચ્છતાની શીખ નથી આપવી.

# બેફામગતિએ દોડતા ૪ ડમ્પરને પેથાપુર પોલીસે પકડી પાડયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહુડી માર્ગ પર પેથાપુર ચોકડી નજીક બે દિવસ પહેલા બનેલી અકસ્માતની ગોઝારી ઘટનાને પગલે આજે પેથાપુર પોલીસ ગાંધીનગર-મહુડી માર્ગ પર યમરાજ બની બેફામ ગતિએ માથેલા સાંઢની જેમ દોડતા ૪ ડમ્પરને પકડી પાડી તેમના ચાલક વિરુધ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર મહુડી માર્ગ ઉપર પેથાપુર ચોકડી નજીક બે દિવસ પહેલા અકસ્માતની ગોઝારી ઘટના બની હતી અને તેમાં ટ્રક ટ્રેલરની નીચે ચકદાઈ જવાથી ૪ વ્યક્તિઓના મોત થયા હતા અને આ બનાવથી પેથાપુરના ગ્રામજનોએ માર્ગ પર આવી ભારે ઉહાપોહ મચાવી અન્ય ટ્રક ટ્રેલરો અને ડમ્પરને રોકી તેમના ચાલક અને ક્લીનરની સાથે મારઝુડ કરી હતી. બાદમાં પોલીસે ઘટના સ્થળે આવી સમગ્ર મામલો થાળે પાડયો હતો અને તમામ ટ્રક-ડમ્પર સહિતના ભારે વાહનોને પેથાપુર ચોકડી પહેલા જ ડાયવર્ટ કરી દીધા હતા અને ધીમે વાહન હંકારવા સૂચનાઓ આપી હતી તેમ છતાં પણ બેફામગતિએ દોડતા ટ્રકોના ચાલકોએ ટ્રક દોડાવવાનુ ચાલુ જ રાખતા પેથાપુર પોલીસે બેફામગતિએ દોડતા ૪ ડમ્પરને પકડી પાડયા હતા અને તમામ ડમ્પર ચાલક વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈ તપાસ ચલાવી રહ્યા છે.

# સેક્ટર-૨૨માં યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

## કોલેજમાં એડમીશન ન મળતા ગળે ફાંસો ખાધો હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેક્ટર-૨૨ના સરકારી મકાનમાં રહેતા એક ૧૭ વર્ષીય યુવાને કોલેજમાં એડમીશન ન મળતા તેને આજે બપોરે પરિવારજનોની ગેરહાજરીમાં એકલતાનો લાભ લઈ દુપટ્ટો પંખાના હૂકમાં બાંધી ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આ ઘટના અંગે સેક્ટર-૨૧ પોલીસે આપઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ બ્લોક નં. ૭૪/૧૦ 'ઝ' ટાઈપ ક્વાટર્સમાં ૧૭ વર્ષીય યુવાન રોહિત નંદલાલ જાદવ તેના બે નાના ભાઈ એક બહેન અને માતા સાથે રહે છે. ૧૭ વર્ષીય રોહિત તાજેતરમાં ધોરણ-૧૨ ૬૦ ટકા સાથે પાસ કર્યુ હતુ અને કોલેજમાં એડમીશન મેળવવા માટે ધક્કા ખાતો હતો. પરંતુ કોલેજમાં એડમીશન ન મળતા તે નિરાશ થઈ ગયો હતો અને તેને લાગી આવ્યું હતું. આથી તેણે પોતાના ઘરમાં આજે બપોરે એકલતાનો લાભ લઈ રૂમમાં જઈ બહેન ડોલીના દુપટ્ટાને સિલિંગ પંખાના હૂકમાં બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. દરમિયાન રોહિતનો ભાઈ રોબીનસિંગે બપોરે ૧.૩૦ કલાકની આસપાસ બહારથી આવી રોહિતને બોલાવવા છતાં કોઈ જવાબ ન મળતા રોબીને દરવાજાને ધક્કો મારી કડી દરવાજો ખોલ્યો હતો અને દરવાજો ખોલતા જ રોહિતનો લટકતો મૃતદેહ જોવા મળ્યો હતો. આથી પરિવારજનોમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. બાદમાં રોબીનસિંગે આ આપઘાત અંગે સેક્ટર-૨૧ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે દોડી આવી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ન્યુ વાવોલમાં યુવાને ગળે ફાંસો ખાધો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક આવેલ ન્યુ વાવોલના સિદ્ધાર્થ રેસીડેન્સી ખાતે પોતાના પરિવાર સાથે રહેતા અને સ્વપ્રસૃષ્ટિમાં કોન્ટ્રાક્ટર તરીકે નોકરી કરતા ૩૮ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર આજે પોતાના જ મકાનમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ મામલે સેક્ટર-૭ પોલીસે આપઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર ગાંધીનગર નજીક આવેલ ન્યુ વાવોલ ખાતેના સિદ્ધાર્થ રેસીડેન્સીના ફ્લેટ નં. બી-૩૦૩માં પોતાની પત્ની અને બાળકો સાથે ધવલ જગદીશભાઈ દવે ઉં.વ. ૩૮ રહે છે અને સ્વપ્રસૃષ્ટિમાં કોન્ટ્રાક્ટર તરીકે નોકરી કરે છે. દરમિયાન તેમની પત્નીના પિતાનું થોડા દિવસ પહેલા નિધન થતા તેમની પત્ની બાળકો સાથે તેમના પિયરમાં ગયા હતા અને આજે ધવલ દવે અગમ્ય કારણોસર પોતાના મકાનમાં પંખાના હૂકમાં દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ મામલાની જાણ પોલીસને થતા સેક્ટર-૭ પોલીસના જમાદાર દિલીપસિંહ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ બાદમાં આ બનાવ અંગે આપઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સચિવાલયના વિવિધ વિભાગોમાંથી ૭૪ જેટલા કર્મચારી અધિકારીઓ આજે વય નિવૃત્ત થયા

ગાંધીનગર, તા.૩૦

સચિવાલયના વિવિધ વિભાગોમાંથી વય નિવૃત્ત થયેલા કર્મચારીઓ અધિકારીઓને વિદાય આપવા માટે આજે વિદાય સમારંભોના કાર્યક્રમો યોજાયા હતાં.

જુના સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં અંદાજે ૭૪ જેટલા કર્મચારીઓ અધિકારીઓ આજે વય નિવૃત્ત થયા હતાં. આ ઉપરાંતરાજય સરકારની વિવિધ જિલ્લા કચેરીઓમાંથી પણ અંદાજે ૨૦૦ જેટલા કર્મચારીઓ અધિકારીઓ વય નિવૃત્ત થયા હોવાનું જાણવા મળે છે. સચિવાલયના વિવિધ

### સચિવાલયમાં વિદાય સમારંભો યોજાયા

વિભાગોમાંથી વય નિવૃત્ત થતાં કર્મચારીઓ અધિકારીઓને વિદાય આપવા માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવે છે.

આજે જુના સચિવાલયના બ્લોક નં.૧માં નવમા માળે આવેલ ઓડીટોરીયમ ખાતે વય નિવૃત્ત થતાં કર્મચારીઓ અધિકારીઓ માટે વિદાય સમારંભનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સામાન્ય વહીવટી વિભાગ દ્વારા વય નિવૃત્ત થતાં કર્મચારીઓને સ્મૃતિચિહ્નો આપીને તેમનું સન્માન કરી વિદાયમાન આપવામાં આવે છે.વર્ષના મધ્ય ભાગ એવા જૂન માસમાં સરકારી નોકરીઓમાં વયનિવૃત્ત થતા કર્મચારીઓની સંખ્યા સૌથી વધુ હોય છે. જુનમાં નિવૃત્તિ મોટા પાયા પર આવે છે. આજે સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અંદાજે ૭૪ જેટલા નાયબ સેકશન અધિકારીઓ અને સેકશન અધિકારી કક્ષાના કર્મચારી અધિકારીઓ વય નિવૃત્ત થતાં સચિવાલયમાં વિદાય સમારંભ દિવસ હોય તેવો માહોલ સર્જાયો હતો.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું ગૌરવ

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામની વિશ્વા સમીરકુમાર પટેલે ધો-૧૦ની પરીક્ષા માર્ચ ૨૦૧૩માં ૯૮.૫૯ પર્સેન્ટાઈલ રેન્ક સાથે ૮૬.૫૦ ટકા મેળવી જે.એસ. મહેતા શાળા ડુંગર જિ. અમરેલીની શાળામાં



પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ શાળા તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.

## બારકોડેડ નવા રેશનકાર્ડ આપવાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ તથા પુરવઠા ઝોનલ ઓફિસના સહકારથી પેન્શનરો, વયસ્ક નાગરિકો અને બી.પી.એલ. કાર્ડ હોલ્ડર માટે બારકોડેડ નવા રેશનકાર્ડ આપવાનો ખાસ કાર્યક્રમ યોજાઈ ગયો. શહેર પેન્શનર્સ સમાજે જણાવ્યું છે કે સેક્ટર-૭ અને સેક્ટર-૮ના પેન્શનર્સ માટે તારીખ ૭મી જુલાઈને રવિવારે આધારકાર્ડ માટેના કાર્યક્રમ સેક્ટર-૮ના મુખ્ય બગીચા પાસેના ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરના હોલમાં રાખવામાં આવ્યો છે. શહેર પેન્શનર્સ સમાજના પદાધિકારીઓએ ઝોનલ અધિકારી ભાવનાબેનનો સંપર્ક સાધી પેન્શનર્સ, વયસ્કો અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા પેન્શનર્સ માટે ત્રણ દિવસનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા અને લાભ લીધો હતો. ત્રણ દિવસના બદલે ચાર દિવસ કરાતા સાડા ચારસો કરતા વધુ નવા બાર કોડેડ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગીયોડ સેવા સહકારી મંડળીના હોદેદારોની વરણી

ગાંધીનગર જિલ્લાના ગીયોડ ગામની ધી ગીયોડ સેવા સહકારી મંડળની તાજેતરમાં વાર્ષિક સાધારણ સભા મળી હતી. બેઠકમાં મંડળીના ચેરમેન અને સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સહકારી મંડળીના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટેના ચેરમેન તરીકે અરવિંદભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન તરીકે રમણભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કમિટિના સભ્યો તરીકે રમેશભાઈ પટેલ, મણાભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, શિવાભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, સુરસંગજી ઠાકોર, રામસંગજી ઠાકોર, રામજીભાઈ રબારી અને જગદીશભાઈ સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# શહેરમાં ફરીથી વાછરડાં ચોરતી ટોળકી સક્રિય

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં વાછરડાં ચોરતી ટોળકી ફરી સક્રિય બની છે. શહેરના સેક્ટર-૧૬માં ગત રાત્રીના સુમારે વાછરડાં ચોરવા માટે આવેલી ટોળકીને વસાહતી જાગી જતા ખાલી હાથે પાછા ફરવાનો વારો આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરમાં વાછરડાં ચોરીના બનાવો જાણે અટકવાનું નામ લેતા નથી. ચોર ટોળકી શહેરના આંતરીક માર્ગો પર બેઠેલ વાછરડાંને સ્કોર્પીયો, ઈન્ડીગો, ઈકો, સ્વીફ્ટ જેવી મોંઘીદાટ ગાડીમાં લઈને ફરાર થઈ જાય છે. ગત રાત્રીના સમયે શહેરના સેક્ટર-૧૭, ૧૩, અને ૧૨માં વાછરડાં ચોરતી ગેંગ ત્રાટકી હતી. સેક્ટર-૧૭માં વાછરડાને ઉંચકીને ગાડીમાં નાંખવા જતા સામેના સરકારી મકાનમાં રહેતા વસાહતી જાગી ગયા હતા. તેમને આ ટોળકીને પડકારતા ટોળકી વાંછરડાને છોડી મુકી પલાયન થઈ ગઈ હતી. પરંતુ અન્ય જગ્યાએથી વાછરડું ચોરાયાની ફરિયાદ ઉઠવા પામી છે. માલધારીઓને ચોર ટોળકીને કારણે પોતાના પશુ બચાવવા માટે જાતે જ ઉજાગરા કરવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

## ઓરાણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાખંડ જળપ્રલયમાં આપત્તિના મૃતકોને શ્રદ્ધાંજલિ

ચિલોડા, તા. ૩૦

પ્રાંતિજ તાલુકાના શેઠ એમ.કે. ઓરાણ ગૃપ મા. શાળા પરિવાર દ્વારા ઉત્તરાખંડમાં આવેલ વિનાશક જળપ્રલય આપત્તિમાં મૃત્યુ પામેલા યાત્રાળુને પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ બક્ષે તે હેતુસર પ્રાર્થના શાળામાં બે મિનિટ મૌન તથા હે પરમાત્મા એ આત્માને સાચી શાંતિ આપશે તેવી પ્રાર્થના કરી શ્રદ્ધઆંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# લવારપુરમાંથી ચોરીનો ભંગાર પકડાયો : વેપારી હજુ ફરાર

## બાતમીના આધારે ડભોડા પોલીસે દરોડો પાડ્યો કોપરના ૬ કીલો ટુકડા મળ્યા

ગાંધીનગર, તા. ૩૦

ડભોડા પોલીસે આજે લવારપુરમાં દરોડો પાડી એક મકાનમાંથી ચોરીનો ભંગાર કબજે લીધો હતો. ચોરીના ભંગાર માલનું વેચાણ કરતા ફરાર વેપારી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર તાલુકાના લવારપુર ગામમાં ધીરૂ પ્રભુલાલ ગુર્જર નામનો વેપારી ચોરીનો ભંગાર ખરીદતો હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. જેના આધારે ડભોડા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.પી. વાઘેલાએ પોતાના સ્ટાફ સાથે બાતમીવાળા સ્થળે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન મકાન માલિક શૈલેષભાઈએ ભંગારનો વેપારી ધીરૂ બહાર ગયો હોવાનું પોલીસને જણાવ્યું હતું. જ્યારે પોલીસે મકાનમાં તપાસ હાથ ધરતા પસ્તી વચ્ચે દર્શાવેલી પ્લાસ્ટીકની પેટીમાંથી કોપર વાયરના ટુકડા મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૨૧૦૦ની કિંમતના ૬ કીલો વજનનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વિધાનસભામાં જન્મદિન નિમિત્તે શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ અર્પાશે

ગાંધીનગર, તા.૩૦



રાજયની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીના તૈલચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મૂકવામા આવ્યા છે. ૬ જુલાઈએ શ્યામાપ્રસાદ મુખરજીનો ૧૧૩મો જન્મ દિવસ હોવાથી તેમને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાશે. શ્યામાપ્રસાદ મુખરજીના ૧૧૩મા જન્મદિન નિમિત્તે તા. ૬ ઠ્ઠી જુલાઈ ૨૦૧૩ના રોજ વિધાનસભા બિલ્ડીંગના પ્રથમ માળે આવેલ પોડિયમમાં શ્યામાપ્રસાદ મુખરજીના તૈલચિત્રને અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પશે.

## મગોડીના રાહેલબા વૃધ્ધાશ્રમની એક વૃદ્ધ માતાની કરૂણ ઘટના

# '.... તમે અંતિમ વિધિ પતાવી દો, મને સમય નથી, હું નહી આવી શકું' : નિર્લજ્જ દીકરી

ગાંધીનગર, તા. ૩૦

હેલ્લો...હેલ્લો... પ્રવીણાબેન. હા, બોલો, શું કામ છે ? આપના માતુશ્રી સ્વર્ગે સિધાર્યા છે તેમની અંતિમ વિધિ કરવાની છે આપ ક્યારે પધારો છો..!!! સોરી, હું અમેરિકા છું ! તમ તમારે બધી વિધિ પતાવી દો...!!! એમ કરીને ફોન ફટ દઈને મુકી દીધો.

વાચકો, આ ઘટનાને હજુ મહિનો પણ થયો નથી. આ ઘટના છે રાહેલબા વૃદ્ધાશ્રમની ! ઘરડા ઘરની. છ એક મહિના પહેલા મગોડી ગામના રાહેલબા વૃધ્ધાશ્રમમાં એક પ્રતિષ્ઠિત પરિવારમાંથી પટેલ જ્ઞાતિના અને દેખાવે સજ્જન ગણાતા બે જણ પ્રવેશ્યા. નામ આપ્યું પ્રવીણાબેન પટેલ. તેમની સાથે તેમના ૮૭ વર્ષના વયોવૃદ્ધ માતુશ્રી હતા. જેમનું નામ ધનલક્ષ્મીબેન હતુ. સાચે જ ધનલક્ષ્મી સમાન દેખાતા... હસતો ચહેરો, મોં પર વૃધ્ધત્વની કરચલીઓ..., છતાં



રમણીય ચહેરો..., શરીરે અશક્ત, બેલેન્સ સાચવવું મુશ્કેલ પડે તેવા માજીને પ્રવીણાબેન વૃધ્ધાશ્રમમાં મુકવા આવેલા. તેમણે કહ્યું, 'મારા પરિવારમાં કોઈ નથી, મારી બાને કોણ સાચવે, આપ અહીં વૃધ્ધાશ્રમમાં તેમને રાખો, હું અમેરિકા જાઉ છું, બા એ તમારાં જ બા છે !!!' એમ કહીને તે તો ચાલ્યા ગયા પણ વૃદ્ધાશ્રમમાં ધનલક્ષ્મીબેને તો અન્ન જળનો ત્યાગ કરી દીધો, એક તો અશક્ત હતા અને પાછા ખાવાનું બંધ કરી દીધુ એટલે વધુ અશક્ત બન્યા,

● અનુસંધાન પાના - ૭ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪

સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઘનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યે જવાહી હૈ દિવાની : ૧૨.૪૫

ફુકરે : ૪.૦૦

ઘનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ઘનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઘનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રાંઝણાઃ ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,

શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ.ઈન્દ્રવદન જયંતિલાલ પંડ્યા(ઉ.વ. ૭૯) ઈ-૩૦૨, રતનરાજ રેસિડેન્સી, ખ-૦, સરગાસણ ચોકડી, ગાંધીનગર.
- સ્વ.મહેન્દ્રસિંહ મોહબ્બતસિંહ વાઘેલા(ઉ.વ. ૩૦)મુ.પો લેકાવાડા, તા., જિ.ગાંધીનગર.
- સ્વ. વિમળાબેન ભીખાજી દરજી (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૬૯, ડબલ ડેક્કર, સેક્ટર-૨૬, ગાંધીનગર.